# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/09/2026** **Morning : 7.00 to 7.10**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સુરતમાં 100 વિદ્યાર્થીઓને ફૂડપોઇઝનિંગ બાદ રાજ્યની તમામ હોસ્ટેલોમાં તપાસના આદેશ.**
2. **કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે દરિયાકાંઠાની જૈવવિવિધતા, આબોહવા અને આજીવિકા માટે મેન્ગ્રોવના સંરક્ષણ પર ભાર મૂક્યો.**
3. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 240 તાલુકાઓમાં વરસાદ – આજે ભારે વરસાદની આગાહી.**
4. **વિશ્વ વિખ્યાત તરણેતરના ભાતીગળ મેળાનો આરંભ - હજારો લોકો મેળામાં ઉમટશે.**
5. **ગુજરાત સુપર લીગની સિઝન-3માં અમદાવાદ એવેન્જર્સને હરાવીને સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ ચેમ્પિયન.**
6. **મહિલા ક્રિકેટમાં શ્રીલંકાને 72 રને હરાવીને ભારતે એશિયા કપ જીત્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SURAT FOOD POISENING

વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી નહીં લેવાય અને માર્ગદર્શિકાનુ પાલન નહીં કરનાર સામે કડક કાર્યવાહી થશે તેમ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે. સુરતની પી.પી. સવાણી હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ રાજ્યભરની તમામ હોસ્ટેલોના રસોડાની સઘન તપાસ કરવાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આદેશ આપ્યા છે.

અબ્રામા સ્થિત પી.પી. સવાણી હોસ્ટેલમાં ભોજન લીધા બાદ 100 વિદ્યાર્થીઓમાં ફૂડ પોઈઝનિંગની સ્થિતિ સર્જાતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક ઘટનાની ગંભીર નોંધ લઈ આરોગ્ય વિભાગને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.

ઘટનામાં અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને ત્વરિત સારવાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હોવાનું આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતું.

## BYTE- PRAFUL PANCHSHERIYA, HEALTH MINISTER

# WORKSHOP ON MANGROVE CONSERVATION

કચ્છના ભુજ ખાતે મેન્ગ્રોવ સંરક્ષણ, પુનઃસ્થાપન અને સતત વ્યવસ્થાપન પરની વર્કશોપ યોજાયો હતો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે દરિયાકાંઠાની જૈવવિવિધતા, આબોહવા, સ્થિતિસ્થાપકતા અને આજીવિકા માટે મેન્ગ્રોવના સંરક્ષણ પર ભાર મૂક્યો.

## BYTE – BHUPENDRA YADAV, UNION MINISTER FOR FORESTS AND ENVIRONMENT

આ પ્રસંગે 'કોફી ટેબલ બુક ઓન કચ્છ મેન્ગ્રોવ્સ' અને 'મેન્ગ્રોવ્સ એટલાસ ઓફ ગુજરાત' બહાર પાડ્યા હતા અને મેન્ગ્રોવ જીઆઈએસ **(MGIS)** પોર્ટલ લોન્ચ કર્યું હતું.

# BHUPENDRA YADAV – REVEIWE

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે ભુજમાં ફ્લેગશિપ કાર્યક્રમોની સમીક્ષા બેઠકની કરી. આ બેઠકમા ઘોરાડના સંરક્ષણ વર્તમાન સ્થિતિ, ઘાસભૂમિ પુનઃસ્થાપન અને પ્રોજેક્ટ ચિત્તા સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, ભારત જૈવ વિવિધતા પરિદ્રશ્ય સ્તરના સંરક્ષણમાં વૈશ્વિક બેંચમાર્ક બનવા તરફ કામ કરી રહ્યું છે. શ્રી યાદવે ગુજરાતમાં અત્યંત જોખમમાં મુકાયેલા ઘોરાડના સંરક્ષણ માટેના નવા પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. બેઠકમાં રાજયના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# SEVA SANKALP ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પાવાગઢથી વડનગર સુધી વિશેષ બાઇક યાત્રાનો પ્રારંભ થયો. આ યાત્રાનો પ્રારંભ રાજ્ય નાણા મંત્રી કમલેશ પટેલે કરાવ્યો હતો અને રાજ્ય મહેસૂલ મંત્રી સંજય મહિડા પણ આ યાત્રામાં જોડાયા હતા.

આ ચાર દિવસીય યાત્રા દરમિયાન રૂટ પર આવતા ગામોમાં રક્તદાન કેમ્પ, વ્યાપક સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ જેવી વિવિધ જનહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું છે.

આ યાત્રામાં 25 થી 30 બાઇક સવાર એક સુસજ્જ LED વાન અને એક પવિત્ર કળશ રથ જોડાયા છે.

# RAIN DISTRICT

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યે પૂરા થતાં છેલ્લા 24 કલાકમાં 240 તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ કપરડા તાલુકામાં સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો. આજે મળશ્કે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મધ્યમ વરસાદ પડ્યો.

ગઈકાલે સાંજે પડેલા વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. દરમિયાન ભરૂચના ઉચેડીયા ગામે ગણેશ મંડપ પર વિજળી પડતા આયોજક યુવકોનો આબાદ બચાવ થયો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસા તેમજ આસપાસના વિસ્તારોમાં મોડી રાત્રે ભારે વરસાદ પડ્યો. પંચમહાલના ગોધરામાં સતત 5 કલાક વરસેલા ધોધમાર વરસાદનાં પગલે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ગત રાત્રીથી શરૂ થયેલો વરસાદી માહોલ યથાવત છે. તો ભાવનગરના ઘોઘામાં પોણા ચાર અને ભાવનગર શહેરમાં બે ઈંચ વરસાદ વરસાદ પડ્યો હતો.

# WEATHER

રાજયમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થતાં અમદાવાદમાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે આજે પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, વલસાડ, દમન, દાદરા નગર હવેલી ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની સંભાવના દર્શાવવામાં આવી છે.

આ દરમિયાન પવનની ઝડપ **60** થી **70** કિમી પ્રતિ કલાક રહે તેવી પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે જણાવ્યુ હતું.

**BYTE – A.K.DAS, IMD**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# TARNETAR MELO

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ નજીક આજથી વિશ્વપ્રસિદ્ધ તરણેતરના મેળાનો પ્રારંભ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ, પરંપરાગત વસ્ત્રો અને આસ્થાના આ મહાપર્વમાં સમગ્ર રાજ્ય, દેશ અને વિદેશમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

આ ભાતીગળ મેળા અંગે સાંભળીએ એક અહેવાલ.........

**VOICE CAST: DINESH PARMAR**

# GANESH CHATURTHI

આજે રાજય સહિત દેશભરમાં ગણેશ ચતુર્થીની ખૂબ જ ભક્તિભાવ અને આનંદથી ઉજવણી થઈ રહી છે.

આ દિવસ જ્ઞાન, સમૃદ્ધિ અને સૌભાગ્યના દેવતા ભગવાન ગણેશનો જન્મ દિવસ છે. આજે ઘરે ઘરે અને શેરીએ શેરીએ ભગવાન ગણેશની મૂર્તિનું સ્થાપન કરાશે અને 10 દિવસ પૂજા અર્ચના કરાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીના અવસર પર દેશને શુભેચ્છાઓ પાઠવી છે.

# JAMNAGAR LION SCULPTURE

જામનગરના ટાઉનહોલ સર્કલ પર વનતારાની ઝલકસિંહનું વિશાળ શિલ્પ શહેરની આગવી ઓળખ બન્યું છે. સુવ્યવસ્થિત લેન્ડસ્કેપિંગની સાથે વન્યજીવોની વિશિષ્ટ દુનિયા સમા વનતારાની થીમ સાથે વિકસાવવામાં આવેલા આ સર્કલનો લોકાર્પણ સમારોહ જામનગરના સાંસદ પૂનમ માડમ તથા મેયર મોનિકા વ્યાસની ઉપસ્થિતીમાં યોજાયો હતો.

પીપીપી પ્રોજેક્ટ અંતર્ગત વિશાળ કદના સિંહના શિલ્પની સાથોસાથ ચિતલ, સારસ, વનરાજ અને અજગર સહિતના વિવિધ વન્યજીવોના શિલ્પોને પ્રતીકાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રતિકૃતિઓ શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

# BHAVNAGAR NAKALI DARU- AROPI REMAND

ભાવનગરમાં નકલી દારૂ બનાવવાના કેસમાં એલસીબી દ્વારા અટકાયત કરાયેલા ત્રણેય મુખ્ય આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. શહેરના રેલ્વે કોલોની સ્થિત એક મકાનમાં નકલી દારૂ બનાવવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે **LCB**ની ટીમે દરોડો પાડ્યો હતો.

આ દરોડા દરમિયાન સ્થળ પરથી મોટા પ્રમાણમાં નકલી દારૂનો જથ્થો, દારૂ બનાવવા માટે વપરાતું કેમિકલ સહિત અન્ય સાધનો મળી આવ્યા હતા. આ કેસમાં ત્રણ વ્યકતીની ધરપકડ કરવમાં આવી હતી.

# AHMEDABAD GANJO SEIZED

અમદાવાદના વટવા પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડીને એક વ્યક્તિની માદક પદાર્થના જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન આરોપી પાસેથી પોલીસે **10** લાખ કરતાં વધુ રૂપિયાનો **20** કિલો **220** ગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો હતો.

વટવા પોલીસ સ્ટેશનમાં **NDPS** એક્ટ હેઠળ આરોપીઓ સામે **FIR** ફરિયાદ નોંધીને તપાસ કરવામાં આવી રહી હોવાનું વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ એ વછેટાએ જણાવ્યુ હતું.

**BYTE- A.A.VACHETA, POLICE INSPECTOR VATWA**

# GUJARAT SUPER LEAGUE - 3

**ગુજરાત સુપર લીગ સિઝન-3માં સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ ચેમ્પિયન બન્યું છે. ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગ-3ની અમદાવાદ ખાતે રમાયેલી અમદાવાદ એવેન્જર્સ સામેની ફાઇનલ મેચમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સે 3-1થી વિજય મેળવ્યો હતો.**

# ASIA-CUP

ક્રિકેટમાં ભારતે મહિલા એશિયા કપ 2026 જીતી લીધો છે. ગઈકાલે ફાઇનલમાં શ્રીલંકાને 72 રનથી હરાવીને ભારતે આઠમી વખત એશિયા કપ જીત્યો. વન-ડે અને ટી 20 ફોર્મેટ બંનેમાં એશિયા કપ ફાઇનલમાં શ્રીલંકા સામે ભારતનો આ છઠ્ઠો વિજય છે, જેમાં 2004ની શ્રેણીનો સમાવેશ થાય છે, જ્યાં ભારતે બે ટીમોની ટુર્નામેન્ટમાં શ્રીલંકાને 5-0થી હરાવ્યું હતું.

ઓપનર શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાના વચ્ચેની રેકોર્ડબ્રેક 129 રનની ભાગીદારીને કારણે ભારતે 5 વિકેટે 183 રન બનાવ્યા. ત્યાર બાદ બોલરોએ શ્રીલંકાને 19 ઓવર અને 4 બોલમાં 111 રનમાં ઓલઆઉટ કર્યું, જેમાં શ્રી ચારાણીએ ચાર વિકેટ અને દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ ઝડપી. શેફાલી વર્માને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

# IND VS AFGHAN T-20

ભારતે પુરુષોની T20 આંતરરાષ્ટ્રીય મેચમાં અફઘાનિસ્તાનને 7 વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી છે.

દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ટોસ જીતીને ભારતે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. અઝમતુલ્લાહ ઉમરઝાઈ અને મોહમ્મદ નબી વચ્ચે 83 રનની મજબૂત ભાગીદારીથી અફઘાનિસ્તાન નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 156 રન બનાવ્યા. ભારત તરફથી અર્શદીપ સિંહે 3 વિકેટ ઝડપી હતી. ભારતે **13** ઓવર અને **4** બોલમાં **3** વિકેટ ગુમાવી 157 રન બનાવીને મેચ જીતી લીધી હતી.

અભિષેક શર્માને 32 બોલમાં 82 રન બનાવવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

# DIU BOAT RESCUE

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ગઈકાલે બપોરના સમયે ચક્રતીર્થ બીચ નજીક 'પ્રભુશિવા' નામની ફિશિંગ બોટ માછીમારી દરમિયાન ખડક પર ફસાઈ ગઈ હતી. બોટ ફસાઈ હોવાની જાણ થતાં જ પ્રશાસનના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બોટમાં સવાર માછીમારોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી.